# પ્રકરણ : ૪

# દૂરદર્શન : એક સમાચાર માધ્યમ તરીકે વિશેષ અધ્યયન

- પૂર્વભૂમિકા
- દૂરદર્શન : ઉદ્‌ભવ અને વિકાસયાત્રા
- સમાચાર માધ્યમ તરીકે દૂરદર્શનની લાક્ષણિકતા
- દૂરદર્શનના હિન્દી સમાચાર :

  સ્વરૂપ, વિશેષતા અને મર્યાદા

# પ્રકરણ : ૪

# દૂરદર્શન :

# એક સમાચાર માધ્યમ તરીકે વિશેષ અધ્યયન

## પૂર્વભૂમિકા :

"ટેલિવિઝન પ્રસારણનું માધ્યમ છે, સમય એમાં કેન્દ્રસ્થાને છે, અને આધુનિક યંત્રવિદ્યા સ્થળ અને કાળનાં બંધનો પાર કરી વિશ્વના કોઈ પણ ખૂણે તત્ક્ષણ દશ્ય-શ્રાવ્ય સંકેતો મોકલી શકે છે એ દષ્ટિએ, ટેલિવિઝનનું માધ્યમ મને હંમેશાં અખબારો અને સામયિકોથી અદકેરું, અને રેડિયોથી બળવત્તર પત્રકારત્વનું માધ્યમ લાગ્યું છે."[૧] આથી જ "અમેરિકાના મનોવૈજ્ઞાનિકોના મતાનુસાર આપણે જે કાંઈ સાંભળીએ છીએ એના ૨૦ %સ્મૃતિમાં સંઘરાઈ રહે છે. જે કાંઈ નિહાળીએ છીએ તેના ૩૦% સ્મૃતિપટ પર અંકિત થાય છે, જ્યારે દશ્ય અને શ્રાવ્ય બંનેનો મેળ હોય તો એ ૫૦% જેટલું સ્મૃતિમાં ટકી રહે છે."[૨] અલબત્ત આ ટકાવારીના આંકડા વ્યક્તિ વ્યક્તિએ વધતા-ઓછા હોઈ શકે, તેમ છતાં આપણે સ્વીકારવું રહ્યું કે જોવા-સાંભળવાનું બંને બને તો એનો પ્રભાવ વધારે સમય સુધી રહે છે અને એટલે જ આજે દશ્યશ્રાવ્ય માધ્યમની બોલબાલા છે.

આમ તો "ટીવી જેવાં દશ્યશ્રાવ્ય માધ્યમની એ જ સૌથી મોટી શક્તિ અને શક્યતા છે. પણ ટીવી, બધાં સમૂહ માધ્યમોની જેમ એકમાર્ગી માધ્યમ છે. લોકભાગીદારીના ખાસ કાર્યક્રમ પ્રકારો – ચર્ચા, પ્રશ્નોત્તરી, ક્વિઝ, ટેલિ-કૉન્ફરન્સિંગ, ફોન-ઇન, વગેરે – સિવાય એનાં

ચિત્રો અને ધ્વનિઓ એકમાર્ગે ફેંકાયા કરે છે. પ્રેક્ષકો દિગ્મૂઢ અને નિષ્ક્રિય બનીને જોયા કરે, એ ચિત્રો અને ધ્વનિ જે માહિતી આપે એ આત્મસાત્ કર્યા કરે."[૩] અલબત્ત, આ માહિતી, તેનો પ્રકાર, પસંદગી, રજૂઆત, વિવાદાસ્પદ બાબતો, તેના દૃષ્ટિકોણો અને તેના રૂપ-રંગ-મિજાજ જો સુપેરે રજૂ થાય તો પ્રેક્ષકોને એ વિચાર કરતા કરી શકે, અને એમ એ માહિતી-શિક્ષણનું પ્રથમ પગથિયું બની શકે. આ રીતે રેડિયો-ટીવી જેવાં પ્રસારણનાં માધ્યમો માહિતી અને શિક્ષણનાં સબળ માધ્યમો બની શકે.

રેડિયો અને ટેલિવિઝનની વિકાસયાત્રા વિશે આમ તો પ્રકરણ-૧ અંતર્ગત વિસ્તૃત વાત કરી જ છે. પ્રસ્તુત શોધનિબંધ વીજાણુ સમાચાર માધ્યમ વિશે છે આથી ટેલિવિઝનનાં વિસ્તૃત સ્વરૂપને 'દૂરદર્શન'નાં માધ્યમથી વિશેષ જાણવાના પ્રયાસરૂપે જ છે. આજે ટેલિવિઝનનાં માધ્યમથી અનેક ન્યૂઝ ચેનલો નિહાળી શકાય છે, પરંતુ શરૂઆતના ગાળામાં ટેલિવિઝનના માધ્યમથી માત્ર 'દૂરદર્શન' જ નિહાળી શકાતું. અને 'દૂરદર્શન'ના સમાચારનો એક સમયે દબદબો હતો.

## ૪.૧ દૂરદર્શન : ઉદ્ભવ અને વિકાસયાત્રા

"ટેલિ એટલે દૂર અને વિઝન એટલે દર્શન. એના પરથી દૂરનું દર્શન કરાવતા સાધનનું નામ પડ્યું ટેલિવિઝન. આપણી ભાષામાં દૂરદર્શન. આ 'ટેલિવિઝન'નું ય પ્રચલિત ટૂંકું રૂપ છે 'ટીવી'."[૪]

ભારતમાં ૧૫ સપ્ટેમ્બર ૧૯૫૯ના રોજ 'ઓલ ઇન્ડિયા રેડિયો' અંતર્ગત માત્ર એક

પ્રયોગ તરીકે ટેલિવિઝન પ્રસારણ - 'દૂરદર્શન' -નો પ્રારંભ થયો. શરૂઆતમાં એક કલાકનો એક એવા માત્ર બે કાર્યક્રમોનું પ્રસારણ અઠવાડિયમાં બે વખત કરવામાં આવતું હતું. આ કાર્યક્રમો પણ ખેડૂતો અને શાળાએ જતાં બાળકો માટેના હતા. આ કાર્યક્રમો લોકો જોઈ શકે તે માટે દિલ્હીનાં કેટલાક ગ્રામીણ ક્ષેત્રોમાં અને શાળાઓમાં ટેલિવિઝન સેટ્સ પણ મૂકવામાં આવ્યા હતા.

"એપ્રિલ ૧૯૬૬માં પ્રસ્તુત પોતાના રિપોર્ટમાં ચંદા સમિતિએ દૂરદર્શનને આકાશવાણીથી અલગ કરવા તેમજ બંનેના સંચાલન માટે સ્વાયત્ત નિગમ બનાવવા સલાહ આપી."[૫] "ધીમે ધીમે એના પ્રસારણનો સમય વધતો ગયો, પરંતુ બીજું ટીવી સ્ટેશન સ્થપાતાં તો તેર વર્ષ વીતી ગયાં : છેક ૧૯૭૨માં મુંબઈ કેન્દ્રની શરૂઆત થઈ પણ પછી તો ખૂબ ઝડપથી શ્રીનગર, અમૃતસર, કલકત્તા, મદ્રાસ લખનૌ વગેરે કેન્દ્રો શરૂ થયાં, જેમાં નગરકેન્દ્રિતા અને રાજકીય કારણો મુખ્યત્વે કારણભૂત હતા."[૬]

"જોકે છેક ૧૯૬૪થી જ ડૉ. વિક્રમ સારાભાઈ 'વિકાસ માટે ટેલિવિઝન'નો વિચાર આગળ ધરી રહ્યાં હતા. યંત્રવિદ્યાકીય હરણફાળ ભરી, જમીન ઉપરનાં ટ્રાન્સમીટરોને બદલે ઉપગ્રહો દ્વારા વિશાળ દેશના ખૂણેખૂણે ટેલિવિઝનના કાર્યક્રમો પહોંચાડવા, કાર્યક્રમોનું સંપૂર્ણ આયોજન તથા નિર્માણ દેશમાં જ કરવા અને એ માટે પ્રેક્ષકોની પ્રત્યાયન જરૂરિયાતોનું સંશોધન કરી એમાં સહાયરૂપ થાય એવા કાર્યક્રમો બનાવવા - એ ત્રણ ઉદ્દેશો બર લાવવા માટે, એમણે ઉપગ્રહ સેવા પ્રાપ્ત કરવા અમેરિકાની 'નાસા' - નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એજન્સી -

સંસ્થા સાથે કરાર કર્યા. એ અન્વયે ‘નાસા’ એ ‘એ.ટી.એસ.-૬’ નામનો ઉપગ્રહ ઑગસ્ટ ૧૯૭૫થી જુલાઈ ૧૯૭૬ના ગાળા સુધી ભારતને તેના દ્વારા શૈક્ષણિક ટેલિવિઝન કાર્યક્રમ-પ્રસારણ પ્રયોગ સાઇટ - સેટેલાઇટ ઇન્સ્ટ્રકશનલ ટેલિવિઝન એક્સપ્રિમેન્ટ - માટે આપ્યો. આ ગાળા દરમિયાન દેશનાં છ રાજ્યોના એક એક પછાત જિલ્લામાં ચારસો લેખે ૨૪૦૦ ગામોમાં ટેલિવિઝન મૂકી દરરોજ ચાર કલાક ગ્રામજનતાને વિકાસલક્ષી મનોરંજક કાર્યક્રમો બતાવવામાં આવ્યા. એમાંથી સવારનો દોઢ કલાક બાળકો માટેના શિક્ષણના કાર્યક્રમો સારુ અપાતો હતો, અને સાંજે અઢી કલાક સમગ્ર ગ્રામજનોને ખ્યાલમાં રાખી એમને ઉપયોગી મનોરંજક કાર્યક્રમો રજૂ થતા હતા. એ બધા જ કાર્યક્રમો દેશમાં જ બનાવવામાં આવતા હતા. કાર્યક્રમોના પ્રસારણ પહેલાં, એ ગામોનાં પ્રેક્ષકો તથા એમની પ્રત્યાયન જરૂરિયાતોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો, અને પ્રસારણ પછી કાર્યક્રમોની અસરો નિહાળવામાં આવી હતી. આ અભ્યાસો અને નિરીક્ષણોનાં તારણો ભાવિ કાર્યક્રમોના નિર્માણમાં સહાય અને માર્ગદર્શન આપે એ આ પ્રયોગનો ઉદ્દેશ હતો. શિક્ષકોને તાલીમ આપવાની ત્રણ જ અઠવાડિયાંની એક સઘન ઝુંબેશમાં, એક સાથે અડતાલીસ હજાર શિક્ષકોને ટીવી દ્વારા તાલીમ આપી આ માધ્યમની શક્યતા પુરવાર કરવામાં આવી હતી. ‘સાઇટ’ એ જગતભરનો આ પ્રકારનો સૌથી મોટો અને મહત્ત્વનો, જનમાધ્યમોનો લોકોપયોગી પ્રયોગ ગણાય છે. એનું સંપૂર્ણ યંત્રવિદ્યાકીય આયોજન તથા અમલ ‘સ્પેસ ઍપ્લીકેશન્સ સેન્ટર’ ઇસરો, અમદાવાદ દ્વારા થયું હતું.”૭

“૧૯૭૫-’૭૬ની કટોકટીની પરિસ્થિતિ પછી સત્તા પર આવેલી સરકારે રેડિયો અને

ટીવીને સ્વાયત્ત બનાવવા જાણીતા પત્રકાર શ્રી બી. જી. વર્ગીઝની આગેવાની હેઠળ 'મીડિયા સમિતિ'ની રચના કરી. ૧૯૭૭માં રેડિયો અને ટીવી પરથી સૌ પ્રથમ વખત રાજકીય પક્ષોનાં પ્રચાર પ્રવચનો શરૂ કરવામાં આવ્યાં. આ પ્રવચનોએ એ પછીની પાંચ ચૂંટણીઓ દરમ્યાન લોકમત કેળવવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. ૧૯૮૨માં 'આકાશવાણી'ની પ્રથામિક સેવામાં સમાચારોના આરંભ અને અંતે પણ વ્યાપારી જાહેરાતોની શરૂઆત કરવામાં આવી. પ્રસારણના ઈતિહાસમાં ગયા દાયકાની મહત્ત્વની ઘટનાઓમાં - ઉપગ્રહ દ્વારા રેડિયો અને ટીવી કાર્યક્રમોનું દેશવ્યાપી પ્રસારણ; 'એશિયાડ' રમતોત્સવ દરમ્યાન દેશને ખૂણે ખૂણે સ્થપાયેલાં રીલે કેન્દ્રો; રંગીન ટેલિવિઝનની શરૂઆત; વર્ષો સુધી દર્શાવાતી 'રામાયણ', 'મહાભારત' વગેરે 'સોપ ઑપેરા' જેવી શ્રેણીઓ; ચૂંટણી દરમ્યાન અને એનાં પરિણામો જાહેર થાય ત્યાં સુધી વ્યાવસાયિક ઢબે થતું ઉચ્ચસ્તરીય ચૂંટણીપ્રવાહોનું પૃથ્થક્કરણ; 'જનવાણી' જેવા લોકભાગીદારીના કાર્યક્રમો; પ્રાયોજિત શ્રેણીઓ માટે દેશભરમાં કલાકાર-કસબીઓનો વહેવા માંડેલો ધોધ; ટેલિવિઝન દ્વારા કલાત્મક ફિલ્મોને મળતું પ્રોત્સાહન, રેડિયો અને ટેલિવિઝનમાં અદ્યતન વીજાણુ સાધનોના ઉપયોગની શરૂઆત, ચાર મોટાં શહેરોમાં બે ચેનલોમાં કાર્યક્રમ પ્રસારણ F.M. ધ્વનિ સંકેતોના પ્રસારણની શરૂઆત-વગેરે નોંધી શકાય."[૮]

આમ, "ભારતમાં 'દૂરદર્શન'ની સ્થાપના ઈ.સ. ૧૯૫૯માં ત્રણ ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. ૧. માહિતી, ૨. શિક્ષણ અને ૩. મનોરંજન. આ ત્રણેયમાં મહત્ત્વ 'માહિતી'ના ઉદ્દેશને પૂરતો ન્યાય આપવાનું છે. આ સંદર્ભે જવાહરલાલ નેહરુએ કહ્યું હતું કે

'સ્વાયત્તતાનો સંપૂર્ણ વિચાર તમામ પ્રકારના સમભાવી અને અલગાવવાદી વિચારોનો એકબીજાનો સમન્વય છે અને તે તમામ ક્ષેત્રોમાંથી ઉત્પન્ન થાય છે.' આ જ રીતે પ્રસિદ્ધ રાજકારણી હેરોલ્ડ જે. લાસ્કીએ કહ્યું હતું કે હકીકતોની સત્યતા પર જ વિચાર ઘણી હદ સુધી આધાર રાખે છે. આ પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો સ્વાયત્તતા અને સમાચાર વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે, કારણ કે જ્યાં સુધી માહિતીની સંપૂર્ણ આઝાદી નથી ત્યાં સુધી જાણકારી પણ સાર્થક અને લોકોપયોગી નથી બની શકતી."[૯]

શ્વેત-શ્યામ પ્રસારણ બાદ "૧૫ ઑગસ્ટ ૧૯૮૨ના રોજ ભારતમાં રંગીન 'દૂરદર્શન'નો પ્રાદુર્ભાવ થયો. નવેમ્બર ૧૯૮૨માં એશિયાઈ રમતોત્સવને 'દૂરદર્શન'ના માધ્યમથી પ્રદર્શિત કરવા માટે ૧૦૦ વોટના ૨૦ ટ્રાન્સમીટરની આયાત કરવામાં આવી. આના લીધે દેશના દૂરસુદૂર ક્ષેત્રોમાં 'દૂરદર્શન'નો આનંદ લઈ શકાયો. ભારતમાં પહેલો સ્વદેશી ઉપગ્રહ ઇન્સેટ ૧-એ એપ્રિલ ૧૯૮૨માં છોડવામાં આવ્યો. જેના લીધે રાષ્ટ્રિય કાર્યક્રમોનું એકીસાથે પ્રસારણ શક્ય બન્યું. ઑક્ટોબર ૧૯૮૩થી ઇન્સેટ ૧-બી કાર્યરત છે."[૧૦]

"ઈ.સ. ૧૯૮૪ સુધી આપણી પાસે 'દૂરદર્શન'ની ફક્ત એક જ ચેનલ હતી. પરંતુ ૧૭ સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૮૪ના રોજ આપણે 'દૂરદર્શન'ની બીજી ટેલિવિઝન ચેનલ શરૂ કરી છે. હવે આપણે બીજા દેશમાં રમાતી રમતોનું જીવંત પ્રસારણ જોઈ શકીએ છીએ. એટલું જ નહિ આજે આપણે ટેલિવિઝનના માધ્યમ વડે ઘેર બેઠા બેઠા દેશ-વિદેશના સમાચારો, કૃષિ માહિતી,વેપારને લગતી માહિતી, સાહિત્ય, સંસ્કૃતિ, મનોરંજન અને કલાને લગતી માહિતી

મેળવી શકીએ છીએ. વળી વિદ્યાર્થીઓને 'દૂરદર્શન' કાર્યક્રમ વડે યુ.જી.સી. જેવા કાર્યક્રમો રજૂ કરી શિક્ષણ પણ અપાઈ રહ્યું છે. 'દૂરદર્શન'ના એક સર્વે મુજબ ઈ.સ. ૧૯૮૨માં દેશમાં ૨૦,૯૫,૫૩૭ ટીવી સેટ ધારકો હતા, તે ઈ.સ. ૧૯૯૨માં વધીને ૩૪,૮૦,૦૦૦ થયા છે. 'દૂરદર્શન' પાસે હાલમાં સમગ્ર દેશમાં ૫૪૦ ટીવી ટ્રાન્સમીટરો છે અને ૨૪ મુખ્ય પ્રોગ્રામ પ્રોડકશન સેન્ટરો છે. ચાર મોટાં શહેરોમા સેકન્ડ ચેનલ છે. દેશના કુલ ૬૨.૯ ટકા વિસ્તારમાં ૮૨.૪ વસ્તીને 'દૂરદર્શન'ના કાર્યક્રમો આવરી લે છે."[૧૧]

૧૯૯૭માં પ્રસાર ભારતી નિગમની સ્થાપના કરવામાં આવતા 'દૂરદર્શન' 'પ્રસાર ભારતી નિગમ' હેઠળ કાર્યરત થયું. "આજે 'દૂરદર્શન' ૫૯ કાર્યક્રમ નિર્માણ કેન્દ્રો અને ૧૪૦૨ ટ્રાન્સમીટર ધરાવે છે. ૨૯ ચેનલોમાં ડીડી-૧, ડીડી ન્યૂઝ, ડીડી સ્પોર્ટ્સ, ડીડી ભારતી, જ્ઞાનદર્શન, એકલવ્ય અને કિસાન ચેનલ એમ ૭ રાષ્ટ્રિય ચેનલ છે. ડીડી ઇન્ડિયા નામે એક આંતરરાષ્ટ્રીય ચેનલ છે. ૧૧ પ્રાદેશિક ચેનલોમાં ૧. ડીડી મલયાલમ, ૨. ડીડી કાશ્મીર (કાશ્મીરી), ૩.ડીડી ચંદના (કન્નડ), ૪. ડીડી ગુજરાતી, ૫. ડીડી બાંગ્લા, ૬. ડીડી સપ્તગિરિ (તેલુગુ), ૭. ડીડી સહ્યાદ્રિ (મરાઠી), ૮.ડીડી પંજાબી, ૯.ડીડી પોઢિગૈ (તામિલ), ૧૦. ડીડી ઓરિયા અને ૧૧. ડીડી નોર્થ-ઇસ્ટ છે. ૨ સંસદીય ચેનલોમાં એક લોકસભા અને બીજી રાજ્યસભા છે. આઠ હિન્દીભાષી રાજ્યોમાં આઠ સ્થાનિક પ્રસારણ કેન્દ્ર છે. ડીડી-૧ની ભૌગોલિક પહોંચ ૭૮.૨ ટકા છે અને તે ૯૦.૪ લોકોના ઘરોમાં પહોંચે છે, તો ડીડી-૨ની ભૌગોલિક પહોંચ ૨૦.૧ ટકા છે અને તે ૪૭.૭ ટકા લોકોના ઘરોમાં પહોંચે છે"[૧૨]

## ૪.૨ સમાચાર માધ્યમ તરીકે 'દૂરદર્શન'ની લાક્ષણિકતા

"'દૂરદર્શન' પર અંગ્રેજી સમાચારનો વાસ્તવિક પ્રારંભ ઈ.સ. ૧૯૭૧ના બાંગ્લાદેશ સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન થયો. ત્યાર બાદ તેનું નિયમિત પ્રસારણ કરવામાં આવ્યું. તે સિવાય જેમ જેમ ક્ષેત્રીય અને સ્થાનિક 'દૂરદર્શન' કેન્દ્રોની સ્થાપના થતી ગઈ તેમ તેમ તે સ્થળોથી પણ સમાચારોનું પ્રસારણ શરૂ થવા લાગ્યું. વર્તમાનમાં 'દૂરદર્શન' સવારના ૭-૦૦ કલાકથી મધરાત્રિ સુધી અંગ્રેજી અને હિન્દીમાં સમાચારોનું પ્રસારણ કરે છે અને પ્રત્યેક કલાકના મધ્યાંતરે રાષ્ટ્રિય ચેનલ પર સંક્ષિપ્ત સમાચારોનું પ્રસારણ થવા લાગ્યું છે."[૧૩]

અન્ય ખાનગી ન્યૂઝ ચેનલોની સરખામણીમાં સરકારી માધ્યમ હોવાથી 'દૂરદર્શન'ની એક સમાચાર માધ્યમ તરીકે વિશેષ ભૂમિકા છે. જોકે સરકારી માધ્યમ હોવું એ જ ક્યારેક દૂરદર્શનની મર્યાદા બની જાય છે. ૧૯૯૯માં 'ડીડી સમાચાર' નામે ૨૪ કલાકની ન્યૂઝ ચેનલ શરૂ કરવામાં આવી હતી. આ ન્યૂઝ ચેનલ વિષયક 'ઇન્ડિયા ટુડે'ના વર્ષ ૨૦૦૧ના એક સર્વેક્ષણ અનુસાર "'ડીડી સમાચાર'ના દર્શકો ૧૦૦૦ હોય, ત્યારે 'આજ તક'ના ૨૯૦૦૦, 'સ્ટાર ન્યૂઝ'ના ૧૩૦૦૦ અને 'બી.બી.સી'ના ૫૦૦૦ હોય છે."[૧૪] આમ, અન્ય ખાનગી ન્યૂઝ ચેનલોની સામે 'દૂરદર્શન'ની ન્યૂઝ ચેનલ મંથર ગતિએ ચાલી રહી છે.

"'ડીડી ન્યૂઝ' નામે ૨૪ કલાકની સ્વતંત્ર ન્યૂઝ ચેનલનો પ્રારંભ નવેમ્બર ૨૦૦૩ના રોજ થયો. દેશની આ પહેલી અને એક માત્ર સરકારી રાષ્ટ્રિય ન્યૂઝ ચેનલ છે, જે દેશની ૫૦% જનતા સુધી પહોંચે છે.

'ડીડી ન્યૂઝ' પર હિન્દી અને અંગ્રેજી એમ દ્વિભાષી સમાચારો બાદ ત્રીસ મિનિટનો એક કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવે છે, જે અંતર્ગત ૨૪ કલાકના સમાચાર બુલેટિનના પ્રસારણ ઉપરાંત વ્યવસાય, રમતગમત, સ્વાસ્થ્ય, કલા અને સંસ્કૃતિ સંબંધિત અનેક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે. સાંપ્રત ઘટનાઓ પર પરિચર્ચાનું આયોજન પણ કરવામાં આવે છે. 'ડીડી ન્યૂઝ' ચેનલ નવી દિલ્હી સ્થિત 'દૂરદર્શન સમાચાર કેન્દ્ર' દ્વારા ચલાવવામાં આવે છે, જેની મદદ માટે સમગ્ર ભારતમાં ૨૩ ક્ષેત્રીય સમાચાર એકમો છે.

'દૂરદર્શન'ના સમાચારોમાં ભારત અને વિદેશમાં ઘટતી તમામ મહત્ત્વપૂર્ણ ઘટનાઓને વ્યાપક રીતે દર્શાવવામાં આવે છે. નાણામંત્રીના બજેટ ભાષણનું સીધું પ્રસારણ કરવામાં આવે છે. વિદેશી વિશિષ્ટ વ્યક્તિઓની ભારતયાત્રાઓ તથા ભારતીય નેતાઓની વિદેશયાત્રાને સવિસ્તાર કવરેજ આપવામાં આવે છે. 'ડીડી ન્યૂઝ' માટે અલગથી એક ડિજિટલ ઉપગ્રહ પ્રણાલી છે, જેમાં ઉપગ્રહ ફોન અને વીડિયો ફોન જેવાં આધુનિક ઉપકરણો છે, પરિણામ સ્વરૂપ સમાચાર સ્થળેથી સીધું પ્રસારણ કરવાની ક્ષમતામાં વૃદ્ધિ થઈ છે."[૧૫] ૨૪ કલાકની આ ન્યૂઝ ચેનલ સમગ્રતયા ૧૬ કલાકના ન્યૂઝ બુલેટિન હિન્દી તેમજ અંગ્રેજી ભાષામાં રજૂ કરે છે. દરરોજ 'સંસ્કૃત' અને 'ઉર્દૂ' બુલેટિનનું તો પ્રસારણ કરવામાં આવે જ છે, સાથે સાથે તમામ પ્રાદેશિક ભાષામાં જે તે પ્રાદેશિક કેન્દ્રો દ્વારા પ્રાદેશિક સમાચાર બુલેટિનો પ્રસારિત કરવામાં આવે છે. હવેથી 'ડીડી ન્યૂઝ'ની હેડલાઈન્સ એસ.એમ.એસ. દ્વારા પણ મેળવી શકાય છે. સરકારી માધ્યમ હોવાથી તેનું પ્રસારણ વિના મૂલ્યે સહુ કોઈ જોઈ શકે છે.

## ૪.૩ દૂરદર્શનના હિન્દી સમાચાર : સ્વરૂપ, વિશેષતા અને મર્યાદા

"રેડિયો, ફિલ્મ કે ટેલિવિઝન – કોઈ પણ માધ્યમના શ્રાવ્યપાસાનાં આ ચાર મૂળભૂત તત્ત્વો છે : માનવ અવાજ, સંગીત, ધ્વનિ અસરો અને નીરવતા. માનવ-અવાજમાં સંવાદો, સમાચાર, ગીતો અને જાહેરાતોના શબ્દો બધું આવી જાય. એ જ રીતે ગીતમાં કંઠ્ય, વાદ્ય, ગીતોની ધૂન અને બેક ગ્રાઉન્ડ વગેરે બધા પ્રકારના સંગીતનો સમાવેશ થાય. ધ્વનિ-અસરો એટલે સામાન્ય જીવનમાં સંભળાતા કુદરતી અવાજો."[૧૬]

આમ પણ "ટીવી એટલે સ્વરૂપ અને સ્વભાવગત મૂળે તો પત્રકારત્વ જ છે; જે પ્રકારનાં પત્રકારત્વનાં રૂપો, અને શક્યતાઓ અત્યાર સુધીમાં વિકસાવવામાં આવ્યાં છે એમાંથી થોડાંક આ રહ્યાં : સમાચારો એકત્ર કરી વાંચવામાં આવે; એમાં ઘટનાઓને દૃશ્યરૂપે રજૂ કરવામાં આવે; સમાચારો અંગે તત્કાલીન પ્રતિભાવો રજૂ કરવામાં આવે; ઘટનાઓ, પ્રશ્નો અને મામલાઓ વિગતે દૃશ્યરૂપે તપાસવામાં આવે; રાષ્ટ્રવ્યાપી ઘટનાઓનો દૃશ્ય રૂપે 'આંખેદેખ્યો અહેવાલ' - રનિંગ કોમેન્ટરી - આપવામાં આવે."[૧૭]

વળી, "ટેલિવિઝન પ્રસારણ પણ 'ક્લોઝ અપ'નું માધ્યમ છે. તેથી જે અંગતતા - ઇન્ટિમસી - અને તત્ક્ષણતા - ઇમિડિયસી - ઊભી થાય છે, તેને લીધે સીધા સંબોધનના કાર્યક્રમ-પ્રકારો આ માધ્યમના પોતીકા ગણાય. દા.ત., વિશેષ શ્રોતાઓ માટેના કાર્યક્રમો- સ્ત્રીઓ, યુવાનો, ખેડૂતો વગેરે જાતિ, વય કે વ્યવસાયની દૃષ્ટિએ ખાસ ધ્યાન માગતા શ્રોતાવર્ગોને સંબોધાયેલા કાર્યક્રમો - આવા કાર્યક્રમો સામાન્ય રીતે એન્કરની પ્રેક્ષકો સાથેની સીધી વાતચીત

અને વચ્ચે વચ્ચે એમને ઉપયોગી માહિતી અને કાર્યક્રમોના સ્વરૂપે રજૂ થાય છે. એ બધા એટલે તો ખૂબ લોકપ્રિય સાબિત થયા છે. આપણા રાષ્ટ્રિય પ્રસારણમાંથી અને પ્રાદેશિક પ્રસારણમાંથી આનાં અનેક ઉદાહરણો મળી આવે છે. આ એન્કરો નિયમિત પરદે દેખાતાં હોવાથી પ્રેક્ષકોનાં મિત્રો બની જાય છે. એથી એમની વાત પ્રેક્ષકોને વધુ સ્વીકાર્ય અને લોકભાગીદારી જેવી લાગે છે. નિયમિતપણે સામાન્ય ઉદ્‌ઘોષણા કરતાં એનાઉન્સરોથી એ વાત સિદ્ધ નથી થતી. ન્યૂઝરીડરની તટસ્થતા પણ એમાં વચ્ચે આવે છે."[૧૮]

સમાચારના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો દૂરદર્શનના હિન્દી સમાચાર એક સમયે લોકપ્રિયતાની ચરમસીમા પર હતા. પ્રસાર ભારતી એક્ટમાં પણ નોંધાયેલ છે કે "સમાચારોમાં રાજનેતાઓ પર ઓછું અને સામાન્ય વ્યક્તિઓની ગતિવિધિઓ પર વધારે ધ્યાન આપવું જોઈએ. દૂરદર્શનના સમાચારમાં માત્ર સરકાર સત્તાધારી પક્ષો અથવા સુખીસંપન્ન નાગરિકોના દૃષ્ટિકોણને જ રજૂ ન કરવો જોઈએ. અન્ય સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક કે રાજકીય સંગઠનો જે દેશના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, તેમના દૃષ્ટિકોણને પણ સ્થાન મળવું જોઈએ."[૧૯]

દૂરદર્શનના નાના પડદા પર પત્રકારત્વનું વ્યાપક રૂપ જોઈ શકાય છે. આથી એમ કહેવું જરાય અતિશયોક્તિભર્યું નથી કે દૂરદર્શન જોઈ શકાતું અને સાંભળી શકાતું એક વીજાણુ વર્તમાનપત્ર છે. 'દૂરદર્શન' પર પત્રકારત્વ સંબંધિત અનેકાનેક કાર્યક્રમો જોઈ શકાય છે. અન્વેષણાત્મક પત્રકારત્વને ઉજાગર કરતાં અનેક કાર્યક્રમો હાથવગા મળી રહે છે. 'આજ તક', 'ઘૂમતા આઇના', 'જન ગણ મન' ઇત્યાદિ કાર્યક્રમો – આ શ્રેણીમાં મૂકી શકાય. કૃષિ

પત્રકારત્વ ક્ષેત્રે તો માત્ર 'ગ્રામ જગત' કાર્યક્રમનું નામ પૂરતું છે. તદુપરાંત 'કૃષિ દર્શન', 'બાગવાની' અને કૃષિ નિષ્ણાતોની મુલાકાત આધારિત કાર્યક્રમો પણ છે. 'હેલો ડૉક્ટર' સ્વાસ્થ્ય પત્રકારત્વનું ઉદાહરણ છે. 'ભક્તિ સાગર' ધાર્મિક પત્રકારત્વને ઉજાગર કરે છે. ખેલ પત્રકારત્વમાં 'સ્પોર્ટ્સ ટાઈમ' તેમજ 'સ્પોર્ટ્સ અવર્સ' જેવાં કાર્યક્રમોનો સમાવેશ કરી શકાય. 'બિઝનેસ પ્લસ' અને 'બિઝનેસ રાઉન્ડ અપ' આર્થિક પત્રકારત્વના દૃષ્ટાંત છે. સમયાંતરે વિવિધ રાજનેતાઓની મુલાકાત 'સંસદીય પત્રકારત્વ' તેમજ અભિનેતાઓની મુલાકાત 'ફિલ્મ પત્રકારત્વ'ની શ્રેણીમાં મૂકી શકાય. કવિ-લેખકોની મુલાકાતો તેમજ કવિસંમેલન, મુશાયરાઓ 'સાહિત્યિક પત્રકારત્વ'ના દ્યોતક છે. આ અને આવા અનેક પત્રકારત્વનાં પ્રકારો 'દૂરદર્શન'ના સમાચાર બુલેટિનોમાં જોવા મળે છે.

આજના "'દૂરદર્શન'ના સમાચાર પર જો નજર કરીએ તો જણાશે કે ઘણા અર્થોમાં તેના પરથી પ્રસારિત સમાચારો વિશ્વસનીય અને સાર્થક હોય છે, કારણ કે ઘણી શોધખોળના અંતે અને કાર્યાલયની જુદી જુદી પ્રક્રિયાઓમાંથી પસાર થયા બાદ તેને પ્રસારિત કરવાની માન્યતા આપવામાં આવે છે, જ્યારે કેટલીક ખાનગી ચૅનલોમાં આ વાત જોવા નથી મળતી. જોકે તે સમાચારો ઝડપથી દર્શકો સુધી પહોંચાડવામાં સફળ થાય છે. તેમ છતાં 'દૂરદર્શન'ના સમાચાર અને સમસામયિક ઘટનાઓને સંબંધિત કાર્યક્રમોને વધારે વિશ્વસનીય અને દર્શકોપયોગી બનાવવા માટે આ સૂચનોની પૂર્તિ કરવી જોઈએ :

૧. સમાચાર સાથે સંકળાયેલ વ્યક્તિઓ વચ્ચે જૂથમાં કામ કરવાની ભાવના હોવી

જોઈએ. ૨. માહિતી એકઠી કરવા માટે યોગ્ય પ્રમાણમાં વ્યક્તિઓ, વાહનો, વીજાણુ યંત્રો ઈત્યાદિને જરૂરિયાત પ્રમાણે ત્વરાથી એક સ્થળેથી બીજા સ્થળે મોકલવાની સુવિધા અને ૩. ઉપર્યુક્ત બંને જરૂરિયાતોને સમજવાની ક્ષમતાવાળો વ્યક્તિ જેના માર્ગદર્શનમાં જ સમાચાર વિભાગ કાર્યરત રહે."[૨૦]

આ સૂચનાઓનું વિશ્લેષણ કરવાથી જાણી શકાય છે કે આજના સમયમાં સમાચાર સંકલનના કાર્યમાં 'દૂરદર્શન'ના અલગ અલગ વિભાગો તથા કાર્યક્ષમ, યાંત્રિક વિભાગો એક સાથે લાવવાં પડે, જેનો સુમેળ કરવો ઘણું દુષ્કર કામ છે, તેમજ જૂથભાવના પણ ઓછી હોય છે. આ જ રીતે રાષ્ટ્રિય ચૅનલ અને મહાનગરોમાં આવેલા 'દૂરદર્શન'ની વાત ન કરીએ તો મોટા ભાગનાં સ્થાનિક કેન્દ્રોના સમાચાર વિભાગ પાસે જરૂરી અને અદ્યતન તથા પર્યાપ્ત સ્ટાફની સુવિધાઓનો અભાવ છે. તેમણે અન્ય વિભાગોના આશરે રહેવું પડે છે જેને લીધે માહિતી એકઠી કરવામાં અને ઘટનાસ્થળ પર સમયસર પહોંચવામાં મુશ્કેલી પડે છે. ઘણી ક્ષેત્રીય અને ખાસ કરીને સ્થાનિક 'દૂરદર્શન' કેન્દ્રો પર સમાચાર વિભાગને એક કે બે વ્યક્તિ સંભાળતી હોય છે. જેમની પાસે વધુ સજ્જતાની અપેક્ષા રાખી શકાય નહીં. ઘણી વાર તો અતિ મહત્ત્વપૂર્ણ ઘટનાઓનું ખાનગી ચૅનલો દ્વારા તત્કાલ કવરેજ કરી લેવામાં આવે છે, જ્યારે 'દૂરદર્શન' એમાં પણ પાછળ રહી જાય છે.

વળી, આજે શાસકીય વ્યવસ્થામાં અને વહીવટી કારણોસર ઘણી વાર મહત્ત્વપૂર્ણ સમાચારો પણ અસહ્ય માત્રામાં ખૂબ મોડેથી 'દૂરદર્શન' પર પ્રસારિત થાય છે, જ્યારે ખાનગી ચૅનલો

ત્વરાથી દર્શકો સુધી સમાચારો પહોંચાડી પોતાની વિશ્વસનીયતા અને કાબેલિયત ઊભી કરવામાં કાર્યરત રહે છે.

• • •

---

**સંદર્ભ-સૂચિ**


૧. બારાડી, હસમુખ, ટેલિવિઝન : કાર્યક્રમ-નિર્માણ અને માધ્યમ પરિચય, પૃષ્ઠ-૧૦૦

૨. વિલિયમ અને મૈનવેલ, રોજર, ટેલિવિઝન : કલા ઔર સમાજ, પૃષ્ઠ-૧૮૩

૩. બારાડી, હસમુખ, ટેલિવિઝન : કાર્યક્રમ-નિર્માણ અને માધ્યમ પરિચય, પૃષ્ઠ-૧૧૭

૪. બારાડી, હસમુખ, ટેલિવિઝન : કાર્યક્રમ-નિર્માણ અને માધ્યમ પરિચય, પૃષ્ઠ-૩૦

૫. તિવારી, ડૉ. અર્જુન, જનસંચાર, પૃષ્ઠ-૩૮૧

૬. બારાડી, હસમુખ, ટેલિવિઝન : કાર્યક્રમ-નિર્માણ અને માધ્યમ પરિચય, પૃષ્ઠ-૩૦

૭. બારાડી, હસમુખ, ટેલિવિઝન : કાર્યક્રમ-નિર્માણ અને માધ્યમ પરિચય, પૃષ્ઠ-૩૦

૮. બારાડી, હસમુખ, ટેલિવિઝન : કાર્યક્રમ-નિર્માણ અને માધ્યમ પરિચય, પૃષ્ઠ-૩૧

૯. સિંહા, સુશીલકુમાર, દૂરદર્શન : વિવિધ આયામ, પૃષ્ઠ-૧૧૦

૧૦. તિવારી, ડૉ. અર્જુન, જનસંચાર, પૃષ્ઠ-૩૮૨

૧૧. વિરોજા, મોહનભાઈ એચ., સંદેશા-વ્યવહાર, પૃષ્ઠ-૮૬

૧૨. www.ddinida.gov.in

૧૩. સિંહા, સુશીલકુમાર, દૂરદર્શન : વિવિધ આયામ, પૃષ્ઠ-૧૧૦

૧૪. ઇન્ડિયા ટુડે, ૫ નવેમ્બર, ૨૦૦૧

૧૫. www.ddindia.gov.in

૧૬. બારાડી, હસમુખ, ટેલિવિઝન : કાર્યક્રમ-નિર્માણ અને માધ્યમ પરિચય, પૃષ્ઠ-૭૦

૧૭. બારાડી, હસમુખ, ટેલિવિઝન : કાર્યક્રમ-નિર્માણ અને માધ્યમ પરિચય, પૃષ્ઠ-૧૦૧

૧૮. બારાડી, હસમુખ, ટેલિવિઝન : કાર્યક્રમ-નિર્માણ અને માધ્યમ પરિચય, પૃષ્ઠ-૧૦૨

૧૯. નામમીડિયા રિપોર્ટ, પ્રસારભારતી એક્ટ, ૧૯૯૦

૨૦. સિંહા, સુશીલકુમાર, દૂરદર્શન : વિવિધ આયામ, પૃષ્ઠ-૧૧૨